સને ૨૦૧૪ થી લીંબાયત પો.સ્ટે. ના લુંટના ગુનાનો માથાભારે નાસતા-ફરતા આરોપીને ઝડપી પાડતી

સુરત શહેર ક્રાઈમ બ્રાંચ

**સુરત શહેર ખાતે CAA અને NRC કાયદાના વિરોધ પ્રદર્શન અંગે ભારતબંધનું એલાન જાહેર થયેલ હોય, સુરત શહેર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાય રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુસર ખુન, લુંટ જેવા ગંભીર ગુનાના નાસતા-ફરતા આરોપીઓને પકડી પાડવા અનુસંધાને ક્રાઇમ બ્રાંચના પો.સ.ઇ. શ્રી વી.વી.ભોલા તેમની ટીમના માણસો સાથે આરોપીઓની હકીકત મેળવવા માટે વર્ક-આઉટમાં હતા. તે દરમ્યાન હે.કો. નિતેશ તનસુખભાઇ અને પો.કો. હિમત ખીમાભાઇને નાઓને મળેલ બાતમી હકીકત આધારે લીંબાયત પો.સ્ટે. ના લુંટના ગુનાનો નાસતા-ફરતો આરોપી- ઇંદ્રેશ શ્યામવીર રાઠોડ ઉ.વ.૨૬ રહે. ઘર નં.૯૯, પ્રિયંકા સોસાયટી, આસપાસ મંદિર પાસે, ગોડાદરા, લીંબાયત, સુરત. મુળગામ- બડાપુર પોસ્ટ- બડાપુર તહે-અલીગંજ થાના- જશરતપુર જી. એટા (યુ.પી.) નાઓને લીંબાયત, આસપાસ દાદા મંદિર સામે, બસ સ્ટેન્ડ પાસેથી પકડી પાડી, મજકુર આરોપી લીંબાયત પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં.૭૬/૨૦૧૪ ઇ.પી.કો. કલમ ૩૯૪, ૩૯૭, ૧૮૮, ૧૧૪ મુજબના ગુનામાં નાસતો-ફરતો હતો. જે ગુનાની હકીકત એવી છે કે, તા.૦૯/૦૩/૨૦૧૪ ના રોજ ગોડાદરા, સાંઇધામ સોસાયટીના નાકા ઉપર લુંટનો બનાવ બનેલ. જેમાં એક મોટર સાયકલ ઉપર બેસી બે ઇસમ મોઢા ઉપર બુકાની બાંધી આવેલા અને એક ઇસમે પેટમાં ચપ્પુનો ઘા મારી ઇજા પહોંચાડી મોબાઇલની લુંટ કરી નાસી ગયેલ. જે લુંટના ગુનામાં અગાઉ આરોપી ગોપાલસીંગ બાદામસીંગ રાજપુત ઉ.વ.૧૯ રહે.બી/૩૨, ગણેશનગર-૧, ગોડાદરા નહેર, લીબાયત, સુરત નાને તા.૧૮/૦૪/૨૦૧૪ ના રોજ સુરત ક્રાઇમ બ્રાંચ પોલીસે પકડીને લીંબાયત પોલીસને સોંપેલ હતો. જેમાં આરોપી ગોપાલસીંગ પાસેથી લુંટમાં મેળવેલ સેમસંગ કંપનીનો મો.ફોન કીં.રૂ. ૫૦૦૦/- અને ગુનામાં ઉપયોગમાં લીધેલ હીરો હોન્ડા સ્પ્લેન્ડર મો.સા. નં. GJ-05-KD-4277 કબ્જે કરેલ હતી. ત્યારથી હાલનો આરોપી નાસતો-ફરતો હતો. આરોપી નીચે મુજબના ગુનામાં નાસતા-ફરતો છે.**

**(૧) લીંબાયત પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૭૬/૨૦૧૪ ઇ.પી.કો. કલમ ૩૯૪, ૩૯૭, ૧૮૮, ૧૧૪ મુજબ**

**આરોપીનો ગુનાહીત ઇતિહાસ :- (૧) લીંબાયત પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૪૧૧/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૮૦ મુજબ (૨) લીંબાયત પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૧૦૧/૨૦૨૦ ઇ.પી.કો. કલમ ૩૮૦ મુજબ**